# સત્સંગ

દેશ સ્વતંત્ર થયો, તેના બીજા વર્ષે એટલે કે ૧૯૪૮માં સુરતમાં ઉમરાવ બેકરીની સ્થાપના થઈ. આ બેકરીમાં માલિકના દિકરા તરીકે બાબુભાઈ ઉમરાવે તેમની જિંદગીના અઢારમા વર્ષથી અહીં પોતાની કારકીર્દી શરૂ કરી. પણ બેકરીની કારકીર્દી કરતાં, તેમણે સુરતમાં પોતાની સ્વતંત્ર ઓળખ સંગીતક્ષેત્રે કેળવી છે. હાલમાં જીવનના આઠમાં દસકામાં પ્રવેશી ચૂકેલા બાબુભાઈ આજેય બંને ક્ષેત્રે કાર્યરત છે. પણ જો તમે તેમની સાથે સંગીતની વાત છેડો, તો ઉત્સાહપૂર્વક તમારી સાથે વાત કરશે. આજેય સિનીયર સિટીઝન ગ્રુપમાં સંગીતક્ષેત્રે તેઓ ખાસ્સા કાર્યરત છે. એકદમ સીધું સાદું ધરાવનાર વ્યક્તિત્વ બાબુભાઈ અહીંની પ્રશ્નોતરીમાં ય એ જ પ્રમાણે વરતાશે.

## મારો ઇશ્વર, મારો ધર્મ

બાબુભાઇ ઉમરાવ



# ઈમાનદારી એ ધર્મનું મૂળ સ્વરૂપ છે

**તમારે મન ઈશ્વર એટલે શું ?**

મારે મન ઈશ્વર એટલે એક એવી અદૃશ્ય શક્તિ, જેનો સાક્ષાત પુરાવો એટલે કુદરતનો ઘટનાક્રમ જેનો સ્વીકાર દરેક વ્યક્તિએ કરવો જ રહ્યો. અને એ જ ઈશ્વર કે અદશ્ય શક્તિ આપણને જીવનમાં અચ્છાઈ તરફ દોરી જાય છે.

**આજ સુધી જિવાયેલી જિંદગીમાં ઘણા ઘટના પ્રસંગો બન્યા હશે, જેમાં ક્યારે લાગ્યું કે , હા ઈશ્વર છે!**

આજ સુધી જિવાયેલી જિંદગીમાં વારંવાર અનેક પ્રસંગો, ઘટનાઓ બન્યા છે, એમાંથી માર્ગ ન સુઝે, એવે વખતે અચાનક કોઈ અદશ્ય શક્તિ માર્ગ સૂઝાડે ત્યારે ચોક્કસ જાણ્યું છે કે ઈશ્વર તમારી પડખે ઊભાં જ છે.

આ બાબતે મારા જીવનનો એક પ્રસંગ શેર કરવા ચાહુ છું. મને નાનપણથી જ સંગીતનો ખૂબ શોખ. પણ મારો અવાજ બિલકુલ સૂરીલો નહિં. આથી હું મુંઝાયેલો રહેતો હતો. આખરે એક દિવસ મારા ગુરુજીની સલાહ માની મે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી. આ તાલીમ બાદ, હું સૂરીલો બન્યો. આજેય હું સૂર રેલાવવા તૈયાર જ છું આમાં મને ઈશ્વરીય કૃપા નજરે ચઢે છે.

**તમારે મન ધર્મ એટલે શું ?**

મારે મન ધર્મ એટલે નીતિ. જીવનમાં નીતિથી ચાલો, ઈશ્વર તમારી સાથે જ છે.

**આપ જે પ્રોફેશનમાં છો, તેમાં ઈશ્વરનું યા ધર્મનું શું સ્થાન છે ?**

ગ્રાહક મારે મન ઈશ્વર છે. ગ્રાહકને તમે સંતોષ આપશો, તો ફળ સ્વરૂપે ઈશ્વર પણ તમને એના ફળ આપશે જ. ઈમાનદારી એ મારા મતે ધર્મનું મૂળ છે. મૂળ મજબૂત હશે તો ઝાડ એની મેળે અડીખમ ઊભું રહેશે. આમ, જીવનમાં ઈશ્વરને સાક્ષી રાખી અંતરના અવાજને ઓળખીને ઈમાનદારીથી મારું કામ કરતો આવ્યો છું ને કરૂ છું.

## અને મારા હાથમાં બાળ કનૈયો જોતાં જ સૌરાષ્ટ્ર સોમનાથ યુવા આચાર્ય પ્રસન્ન થઇ ‘સૌરાષ્ટ્રી’ ભાષામાં બોલી ઉઠયા



ઘરનો લાલો સોમનાથના શિવલિંગ સમીપ

# એ ય લાલો ‘આઇવો’ લાલો ‘આઇવો’

**બસ પછી તો મારા ઘરનો લાલો સોમનાથના શ્રીનાથજી ની પ્રતિકૃતિની શિવલિંગને સ્પર્શ સાથે જન્માષ્ટમીના દિવસે મળ્યો અને બન્યો એક દિવ્ય પ્રસંગ.**

## શ્વાસ-વિશ્વાસ

બાબા જ્ઞાની

વર્ષો પહેલા ઉજ્જૈનના પ્રવાસે અમે હતા, ભગવાન મહાકાલની ભષ્મ આરતી માટે અમે મધ્યરાત્રીએ ૨ વાગ્યે હાજર થઇ ગયા. હજારો શ્રધ્ધાળુઓની કતાર હતી. અમે પણ એ જ કતારમાં ઉભા હતા ત્યાં સાતસો આઠસો શ્રધ્ધાળુઓના અંતરેથી એક અવાજ આવ્યો. જેમાં હિન્દીમાં એમ બોલાયું કે ‘‘ઠહર હે મહાકાલ મેં આતી હું’’ બધા જ શ્રધ્ધાળુઓને કુતૂહલ થયું કે આ વળી કોણ? ત્યાં તો એ શ્યામ સુંદરી અર્થાત્ એક રૂપાળી મહિલા આખી ભીડ ચીરતી અમારી બાજુમાં આવીને ઊભી રહી ગઇ. અમે પણ તેનું કદ, તેની સુંદરતા જોતા રહી ગયા, એ મહિલા બસ મહાકાલનું નામ જપતી રહી. વ્યવસાયે પત્રકાર એટલે પૂછી કાઢયું કે આપ કોન? જવાબમાં તેણે કહયું કે મેં કોન? મેં પાર્વતી, શિવ કી પત્ની પાર્વતી એ મહિલાના આ વિધાનમાં મારી શ્રધ્ધા ડોકાતી હતી. વળી પાછો ચાંદલો અને મંગલસુત્ર તો ખરા જ પણ તેનું વલણ કોઇ તાંડવ કરતું હોય તેવું હતું. શ્રધ્ધાળુની કતાર આગળ ચાલી અને તે સીધી મહાકાલના કક્ષમાં જઇને પોતાનું મંગલસુત્ર શિવલિંગ પર મુકી દીધું. પૂજારીઓએ તેને ઝડપભેર બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. તેણે કહયું કે રોકો નહી મેં ખુદ ચલી જાઉંગી. મેં શિવકી પાર્વતી હું.. એ પછીનો ક્રમ ભષ્મ આરતીનો હતો અને એ શ્યામસુંદરી અમને કયાંય જોવા ન મળ્યા. મારી નજર તેમને શોધતી જ હતી ત્યાં પાછળના ભાગમાં કોઇ સામાન્ય સ્ત્રી બેઠી હોય તેમ ભષ્મ આરતી માણી રહયા હતા. શિવની ભકિતમાં આવી શકિતના દર્શન થાય તો મનને એટલે વધારે આનંદ મળે કે આ બધુ મહાકાલના મંદિરમાં થઇ રહયું હતું. એ સ્ત્રીની ભકિતનો ઉમળકો જ અલગ હતો. ખાસ કરીને પોતે શિવની પત્ની છે. એવું કહેતા હતા ત્યારે મને એમ થતુ કે રામની સીતા છું, અથવા તો કૃષ્ણની રાધા છું પણ શિવની પત્ની પાર્વતી છું એવું પહેલીવાર સાંભળ્યું હતું. ભષ્મ આરતી પૂરી થઇ અમારા દર્શન પણ પૂરા થયા પણ એ શ્યામસુંદરીની ગુંજ આજે પણ મારા કાનમાં અકબંધ છે અને એ અકબંધ દિવ્યદર્શન અહીં એટલે તાજો થઇ રહયો છે કે, દેવયોગે એવું દિવ્ય પ્રસંગ અમને શ્રાવણના દિવસોમાં સોમનાથમાં મળ્યો. જન્માષ્ટમીનો દિવસ હતો. અને અચાનક જ અમે શક્ય નહિં હોય એવી રીતે સોમનાથના દર્શને ઉપડી ગયા. કશું જ નક્કી ન હતું. છતાં આમ થયું એ અમારે મન દેવયોગ કહેવાય.

ચાલો વાત માંડીને કરીએ.

અંગત કારણોસર જન્માષ્ટમીના પૂર્વ સંધ્યાએ ઓચિંતુ વડોદરા જવાનું થયું એટલે મારા માં એ આપેલા નિયમ મુજબ મેં ભગવાનને દિવો કર્યો અને કહયું કે, ઓ લાલા, ઓ કાનુડા હવે તો માં પણ નથી તો તારો જન્માષ્ટમીનો ઉત્સવ અમે મનાવી નહિં શકીશું. વળી પાછું શ્રધ્ધાથી કહયું કે, રડતો નહિ ત્યાં મનને પ્રેરણા થઇ કે, ચાલોને કાનુડાને ગાડીમાં જ લઇ લઇએ. જ્યાં હોઇશું ત્યાં એની પૂજા કરી દઇશું. એ ઇચ્છા સાથે લાલાને અમે અમારી સાથે લઇ લીધા સાથે ચેહર માતાજીની ચુંદડી અને છત્ર પણ હતું. આવી ગતિવિધિ ચાલી જ રહી હતી ત્યારે બાપજીની તસ્વીરને લઇ જવાની પણ ઇચ્છા થઇ. ટુંકમાં એક યોગેશ્વર અને એક યોગીશ્વર બેઉ અમારી સાથે ગાડીમાં બેઠા ગંગેશ્વર મહાદેવના આર્શિવાદ લઇને અમે વાયા વડોદરા, અમદાવાદ ઉપડ્યાં ત્યાં ખબર પડી કે જન્માષ્ટમી હોવાને કારણે જ્યાં અમારું કામ હતુ એ બધુ બંધ હતું. પરિણામે અમે નક્કી કર્યું કે, ચાલો સોમનાથના દર્શને એ ઇચ્છા એટલે થઇ કે એક તો શ્રાવણ માસમાં બાર જ્યોર્તિલીંગમાંના પહેલા જ્યોર્તિલિંગના દર્શન થશે. અને જન્માષ્ટમી હોવાને કારણે કમસેકમ વધારે ભીડ પણ નહિં હશે. સાથે કાનુડો તો હતો જ. મારતી મોટરે અમે સોમનાથ પહોંચ્યા ત્યારે એકદમ અમારી સાથે સોમનાથના દર્શને કાનુડા અને બાપજીને લઇ જવાનું મન થયું. એક સ્ટીલના વાસણમાં ચુંદડી, છત્ર અને કાનુડો અને થોડા ચહેરમાંના ચોખા સાથે સારી એવી ભીડ વચ્ચે બાપજીનો ફોટો અને કૃષ્ણને સોમનાથના પરિષરમાં લઇ ગયા અમને તો એમ જ હતું કે અમને કોઇ રોકશો, પણ એવું ન થતા ભગવાન શ્રી બાલસ્વરૂપ એટલે કે લાલાને જાણે વાસુદેવ લઇ જતા હોય તેમ સોમનાથના ઉંબરે પહોંચાડ્યા. મૂળકક્ષમાં પગ મુકયો ત્યાં સોમનાથના શિવલિંગ પર મારી નજર પડી ત્યાં એ દિવસે જન્માષ્ટમી હોવાને કારણે સોમનાથનો શિવલિંગને શ્રીનાથજીના દર્શન સાથે મુકાયા હતા. એ દર્શન જોતા જ આંખમાં હળવામાં આંસુ આવ્યા કે એક

સાંધણ પાનાં ૭ પર

★ નિરુપયોગી જીવન એ અકાળ મરણ સમાન છે ■ ગેટે